# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૯/૦૫/૨૦૨૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૨૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૨૫૪ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૨૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૨૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૭૨૬/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** ઘાટલોડીયા વિશ્વાસીટી– ૧ શાયોના સીટી વિભાગ–૨ ખાતે રહેતા યુવકની ત્રણેક વર્ષ અગાઉ મહીલાના નામ વાળા ઈન્સ્ટાગ્રામ આઈ સાથે મિત્રતા થઈ હતી. ત્યારબાદ જે આઈડી ઉપર દુબઈનો ફોટો જોતા યુવકે ઈન્સ્ટાગ્રામમાં તેઓની સાથે વાતચીત કરતા તેઓએ દુબઈ ખાતે રહેતા હોવાનું જણાવેલ તેમજ થોડા સમયમાં અમદાવાદ આવવાનું જણાવેલ તેમજ દુબઈમાં મોબાઈલ ફોન સસ્તા મળતા હોવાનું જણાવેલ જેથી આ યુવકે દુબઈથી આઇફોન ૧૬ પ્રો મેકસ નંગ–૧ તથા આઇ ફોન ૧૫ પ્રો મેક્સ નંગ–૧ મોબાઇલ ફોન લઈ આવવાનું જણાવેલ. ત્યારબાદ તા.૧૮/૦૪/૨૦૨૫ ના રોજ તેઓએ જણાવેલ કે મુંબઈથી કરીયાણું ખરીદ કરી દુબઈ લઈ જવાનું હોવાથી જેનું બીલ ભરવા લીંક મોકલી, યુવક પાસેથી બીલના નાણાં ભરાવડાવી જે નાણાં મોબાઈલ ફોનની કિમતમાં વળતર કરવાનું જણાવેલ ત્યારબાદ ક્રેડીટ કાર્ડથી ખરીદી કરવાથી ડીસ્કાઉન્ટ મળતું હોવાની વાત કરી અન્ય ખરીદી કરવાનું કહી યુવકના ક્રેડીટકાર્ડથી ખરીદી કરી ઓટીપી મેળવી લઈ કુલ રૂપિયા ૧,૬૬,૫૭૨/– ટ્રાન્સફર કરાવી લઈ તેમજ તેઓનું ઈન્સ્ટાગ્રામ આઈડી ડીલીટ કરી મોબાઇલ ફોન નહી આપી ઠગાઇ કરી હતી. આ અંગેની ફરીયાદ યુવકે તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** રવિન્દ્રન શંકરન ઇઝવા (ઉ.વ.૬૩) (રહે. ચિત્રકુટ પાર્ક નોબલ સ્કુલ સામે કૃષ્ણનગર) એ તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૫/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૬૩૮૬૬૪૪૭૫૭ ના ધારકે રવિન્દ્રન ઇઝવા નાઓને ફોન કરી બેન્ક ખાતાનું કેવાયસી અપડેટ કરવાનું કહેતા રવિન્દ્રન ઇઝવાએ જાતે જ અપડેટ કરવાનું કહેતા તેઓએ જણાવેલ કે હવે ઓનલાઈન થઈ જાય છે બેન્કમાં જવાની જરૂર નથી તેમ જણાવી મોબાઈલ નંબર ૭૪૭૮૨૩૪૧૩૦ થી રવિન્દ્રન ઇઝવાના વોટસએપમાં એચડીએફ્સી બેંકની કેવાયસી અપડેટ માટે લીંક મોકલતા રવિન્દ્રન ઇઝવાએ લીંક ખોલી કેવાયસી અપડેટ માટે બેન્કની વિગત ભરતા ઉપરોક્ત મોબાઈલ નંબર ના ધારકોએ રવિન્દ્રન ઇઝવાના બેંક ખાતામાંથી ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૪,૫૪,૬૧૦/– અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી પી.વી.ગોહીલ ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૭૨૭/૨૦૨૫**

**અમરાઈવાડીઃ** ગણપતભાઈ વજેરામ બ્રાહ્મણ (રહે. ભારતીનગર ભરત પાર્ટી પ્લોટ સામે રબારી કોલોની ચાર રસ્તા અમરાઈવાડી) એ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૫/૨૦૨૫ રાતના ૧૧/૦૦ થી તા.૨૮/૦૫/૨૦૨૫ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૪૦,૦૦૦/–, મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૧૨,૫૦૦/– મળી કુલ રૂપિયા ૫૭,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી વિનોદસિંહ ઇન્દ્રમણીસિંહ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૭૨૮/૨૦૨૫**

**વાસણાઃ** રેશ્માબાનુ વા/ઓ યાસીમભાઈ શેખ (રહે. અફજલ ટાવર મુસીરભાઈની ઓફિસની બાજુમાં જુહાપુરા) એ તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૫/૨૦૨૫ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાની રિક્ષામાં બેસી પતિ સાથે વાસણા ત્રીપદ ફ્લેટની બાજુમાં આવેલ ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષા બગડતા રેશ્માબાનુના પતિ યાસીમભાઈ શેખ રિક્ષા રિપેર કરતા હતા અને રેશ્માબાનુ શેખ રિક્ષામાં બેસી રહ્યા હતા દરમ્યાન એક એકટીવા ચાલક રિક્ષાની નજીક ઉભી રાખી રિક્ષામાં બેસેલ રેશ્માબહેનની નજર ચુકવી રિક્ષામાંથી પર્સ ચોરી કરી લઈ નાસી ગયો હતો. જે પર્સમાં સોનાના દાગીના કિમત રૂપિયા ૫૮,૫૦૦/– અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/– હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ગોહીલ ચલાવે છે.

**અપમૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૭૨૯/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** વસ્ત્રાપુર જી.એમ.ડી.સી.ગ્રાઉન્ડની બાજુમાં ગુજરાત યુનિવર્સીટી કનવેન્શન હોલ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા અભિષેક સ/ઓ ગૌનાથ રાજભર (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ–કૌડા તા.જખનીયા જી.ગાજીપુર ઉત્તરપ્રદેશ) તા.૨૭/૦૫/૨૦૨૫ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે કનવેન્શન હોલના પહેલા માળના ધાબા ઉપરથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૫/૨૦૨૫ કલાક ૫/૧૫ વાહે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઇ.શ્રી હાર્દિકભાઈ મયુરભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી